॥ સનાતન પરમો ધર્મ ॥ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર · જાગૃત ઉજાગર · સોસીયલ મિડીયા

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૭ ● શ્રાવણ વદ - ૫ ● તા. ૨૭-૦૮-૨૧ ● શુક્રવાર SDP NO: 494 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

માં ઉમાના આદેશથી પ્રમુખશ્રીનો પુન: પરિવેશ ધારણ કરતા અબજીભાઈ કાનાણી

ગત તા. ૨૩.૮.૨૧ના રોજ શ્રી સમાજની સામાન્ય સભા મળી હતી. આ સભામાં નવી ટર્મના હોદ્દેદાર અને કારોબારીની વરણી કરવાનો અગત્યનો એજેન્ડા પણ હતો.

જેમાં પ્રમુખ સ્થાન માટે સમાજના બે સન્માનનીય હોદ્દેદારો સર્વશ્રી અબજીભાઈ કાનાણી અને ગોપાલભાઈ ભાવાણી એ પોતાની પ્રમુખ સેવક માટે ઉમેદવારી જાહેર કરી હતી.

શ્રીસમાજમાં અત્યાર સુધીની પરંપરા અનુસાર સહમતિથી પ્રમુખ સ્થાનની વરણી થતી હોવાથી સમાજના વડીલોએ શ્રીસમાજના પ્રમુખ સેવક ના સ્થાન માટે બંને સન્માનનીય ઉમેદવારોને છેલ્લી ક્ષણ સુધી સમજાવવા સંપૂર્ણ પ્રયાસ કર્યા હતા. તે ઉપરાંત છેલ્લા પાંચ-સાત દિવસથી સમાજના અન્ય વરિષ્ઠ કાર્યકર્તાઓએ પણ પ્રમુખ પદ માટે સ્વયં સહમતી બને તે માટે બંને ઉમેદવારોને સમજાવવાના ખૂબ જ પ્રામાણિક પ્રયત્નો કરવા છતાં સફળતા પ્રાપ્ત થયેલ ન હતી.

અંતે સામાન્ય સભાના પ્રથમ સેશન બાદ બપોરના લંચ સમયે શ્રીસમાજના નિવૃત્ત થતા ટ્રસ્ટીશ્રીઓ અને આપણી અન્ય બે કેન્દ્રીય સંસ્થાઓના વડાઓએ ફરી એકવાર સહમતી સાધવાનો પ્રયાસ કર્યો. પ્રમુખ પદના બંને સન્માનનીય ઉમેદવારોએ પોતાના શ્રી સમાજની સેવા કરવાના કરેલ નિર્ધાર પર અડગ રહ્યા અંતે આ બેઠકમાં હાજર તમામ મહાનુભાવોએ અંતિમ પ્રયાસ ના છેલ્લા વિકલ્પ તરીકે પ્રમુખસ્થાન માટે "મા" ઉમિયાના ચરણોમાં "કરમ ચિઠ્ઠી" પર નિર્ણય લેવાનુ સૂચન કરતાં બંને ઉમેદવારોએ માં ના આદેશ માટે સહમત થયા હતા,

ત્યારબાદ બંને ઉમેદવારો ના નામની કરમ ચિઠ્ઠી બનાવી "મા" ઉમિયાના ચરણમાં ધરી, વૈદિક મંત્રોચાર બાદ પ્રસાદ રૂપે એક માં ઉમિયા ના શુભ આદેશની ચિઠ્ઠી ઉપાડતા તેમાં શ્રી અબજીભાઈ કાનાણીનું નામ આવ્યું. આમ માતાજીએ આશીર્વાદની મહોર અબજીભાઈ કાનાણી પર આશીર્વાદ ના આદેશ આપતા સામાન્ય સભામાં એજન્ડા મુજબ પંચો દ્વારા કાર્યવાહી હાથ ધરતાં પ્રમુખ સ્થાન માટે બીજા કોઈ અન્ય ઉમેદવારના નામની દરખાસ્ત ન આવતા, શ્રી સમાજના આગામી ત્રણ વર્ષ માટે નવા પ્રમુખ સેવક ના સ્થાન માટે શ્રી અબજીભાઈ વિશ્રામભાઈ કાનાણીના નામની જાહેરાત કરવામાં આવી. સભામાં હાજર તમામ સભાસદોએ સહર્ષ તાળીઓના ગડગડાટથી વધાવી લીધા હતા.

આમ નવા પ્રમુખ સ્થાન માટે માતાજીના આદેશને પ્રસાદ સ્વરૂપે સમજી ભગવાન લક્ષ્મીનારાયણ ના આશીર્વાદ ને સૌ એ વધાવી લીધો હતો.

શ્રીસમાજ કાર્યાલય..
સંક્ષિપ્ત.

શ્રી સમાજના ટ્રસ્ટીઓ જાણીએ અને અનુભવીએ...

ટ્રસ્ટીશ્રી, અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ ૨૦૨૧-૨૦૨૪, જેઠાલાલ પોકાર, કોલ્હાપુર, જીવન ઝરમર...

-: જીવન ઝરમર :-

જીવન ઝરમર
જેઠાલાલ કેસરા પોકાર
જન્મ તા.૧૧-૪-૧૯૪૭

લગ્ન તા.૧૧-૩-૧૯૬૫ પત્ની સૌ. મણીબેન ,

અભ્યાસ – ગુજરાતી ૦૬ , વિરાણી નાની (કોરાવાલી) તા.લખપત હાલે કોલ્હાપુર મહારાષ્ટ્ર

૧૯૬૩ થી સરનામુ - શ્રી સરસ્વતી સો મિલ એન્ડ ટિંબર મર્ચંટ , ૭૧૨-૧૦ , ટિંબર માર્કેટ , કોલ્હાપુર ૪૧૬૦૧૨

૧૯૬૩ માં હું તેમજ કાકા અમો બન્ને કાકા ભત્રીજાએ (અમારા બાપા કેસરા બાપા કાનજીકાકા તેમજ તેજા કુવા અમારા દાદાબાપા દાનાબાપાના સંયુકત કુટુમબની કોલ્હાપુરમાં સરસ્વતી સો મિલ ચાલુ કરી ત્યાર બાદ ૧૯૭૧ માં વિરારમાં પટેલ ટિંબર ટ્રેડીંગ કંપની સો મિલ કરી અને ૧૯૮૧ માં કોલ્હાપૂર માં બીજી જવાહર સો મિલ કરી.

૦૩ ભાઈઓનું સંયુકત કુટુંબ (જેઠાલાલ, સ્વ. ભાણજી, દેવજી, ત્રણ ભાઈના દિકરા ૭ કુટુંબ સંખ્યા ૩૬)

સંયુક્ત ફર્મ - શ્રી સરસ્વતી સૉ મિલ , પોકાર પ્લાયવુડ , પોકાર ઈન્ટરપ્રાઈઝ , પોકાર વુડ ઈન્ડસ્ટ્રીજ ,

અન્ય ભાગીદારો શાથે - રવિ ઈન્ડસ્ટ્રીજ, રવિ બ્રાંડ મેનસ્વીચ, (૧૯૮૭) કરવીર સ્વીચગેઅર પ્રા,લી. (સ્ટીલ ફર્નીચર ૧૯૯૫) રવિ ઈન્ટરપ્રાઈજ (સી.આય.કાસ્ટીંગ ફાઉન્ડરી ૨૦૦૫)

કોલ્હાપૂર પાટીદાર સમાજ , ૧૯૭૧ થી ૧૯૭૬ મંત્રી ,

૧૯૯૯-૨૦૦૧ પ્રમુખ ,

કચ્છ કડવા પાટીદાર સમાજ વિરાણી નાની (કોરાવાલી) સંસ્થાપક પ્રમુખ

૧૯૮૭ થી ૧૯૯૫ લખપત તાલુકા કચ્છ કડવા પાટીદાર સમાજ , દયાપર હાલે ટ્રસ્ટી સંસ્થાપક કારોબારી સભ્ય.

અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર પોકાર પરિવાર ઉપપ્રમુખ - અખીલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ રચીત દક્ષિણ મહારાષ્ટ્ર ગોવા ઝોન સંસ્થાપક પ્રમુખ

૨૦૦૫ થી ૨૦૧૧ (સાતારા, સાંગલી, કોલ્હાપુર, રત્નાગીરી, સિંધુદુર્ગ, ગોવા, (ડી.એમ.જી. ઝોન) હાલમાં ઝોનમાં સલાકાર સમિતી સભ્ય.

વિરાણી પાટીદાર સમાજમાં સલાકાર સમિતી સભ્ય .

સ્થાનિક સંસ્થાઓમાં સેવા, ગુજરાતી મિત્ર મંડળ હાયસ્કુલ ,

કોલ્હાપુર ટિંબર મર્ચંટ એસોસીયેશન ,

શિરોલી મેન્યુફેક્ચરીંગ એસોસીયેશન

કોલ્હાપુર ચેંબર ઑફ કોમર્સ ,

રેડ કોર્સ સોસાયટી ,

રોટરી ક્લબ ઑફ કોલ્હાપૂર (૧૯૮૭ થી મેંબર પ્રેસીડેંટ ૨૦૧૨-૨૦૧૩ ,)

જેમણે ૪૦ વર્ષ ની ઉંમરે જ સમાજના પ્રમુખ સ્થાને ઉત્તમ કાર્ય કરવાનો પ્રયાસ કર્યો..

રોટરી સમાજ સેવા કેન્દ્ર , છત્રપતિ સિવાજી શાહુ બ્લડ બેંક , કોલ્હાપૂર આય બેંક ,

ડૉ. રાધાક્રીષ્ણ સરકારી અનાથાશ્રમ, કોલ્હાપુર ગોળ વેપારી રચીતં ગૌશાળા.

આમ અનેક સઁસ્થાઓ સાથે સેવાકીય પ્રવૃત્તિમાં જોડાયેલ જેઠાલાલ પોકાર કોલ્હાપુર ના નેતૃત્વ ના અનુભવી અને સમાજની મુખ્ય ધરોહર માં ટ્રસ્ટી તરીકે આવકારીએ છે.

અભિનદીત કરીએ છે..

અપેક્ષા એ પણ રાખીએ છે કે શ્રીસમાજ ની સંપત્તિ નું જતન અને વિકાસ ની ટ્રસ્ટીઓ ની અગ્રીમ જવાબદારી બને છે ત્યારે માંડવી હોસ્ટેલ પ્રકરણ માં શ્રીસમાંજની મિલકત ને પુનઃ સમાજ રચિત ટ્રસ્ટમાં સમાવેશ થાય.. ભુજ નૂતન જમીન ને વિકાસ ની પૂર્ણ સફળતા મળશે ને ઉત્તમ સમાજ શિલ્પ નું નિર્માણ કરવામાં આવશે..

કોઈને હરાવવું
એ તો તદ્દન સરળ છે,
પરંતુ
તમે કોઈને દિલ થી
જીતી બતાવો તે મહત્વનું છે.

જેઠાલાલ પોકાર, કોલ્હાપુર, માનદ ટ્રસ્ટી, શ્રીસમાજ.
સેલ નબર, ૦૯૪૨૨૦૪૬૩૦૭
કાર્યાલય નખત્રાણા

સનાતન ધર્મ પત્રિકા - પ્રચાર પ્રસાર મિશન..

નખત્રાણા તાલુકા પંચાયત અંગે



સરકાર ની ૧૫ નાણાંપંચ યોજનાને બહાલી આપવા સામાન્ય સભા મળી.

અબડાસા ધારાસભ્ય પ્રદ્યુમ્નસિંહ જાડેજા, નખત્રાણા તાલુકા વિકાસ અધિકારી વિનોદ જોશી, તાલુકા પચાયત પ્રમુખ જયસુખ ડાયાણી, ઉપપ્રમુખ સંધ્યાબેન પલણ, વિપક્ષી નેતા કેતન પાંચાણી સહિત સદસ્યો પંચાયત ભવમ માં ઉપસ્થિત રહી ને કાર્યવાહી કરવામાં આવી..

મથલ ગામના તળાવમાં ખીલી ઊઠેલા કમળના ફૂલ



કચ્છ માં કમળ ખીલે એ પરિવર્તન નું સ્વરૂપ

કુદરત ની કરામત નિરાળી હોય છે. ભુકમ્પ ની તારાજી થઈ ને આખું કચ્છ ને પેટાળ માંથી હલાવી નાખ્યું.. માનવ સર્જિત ઈમારત અને અન્ય શિલ્પ પડી ભાગ્યા ને કેટલાક નો નાશ થયો ને જીવ પણ ગયા.. આખા વિશ્વ ની અનુકમ્પા વરસી અને રાજકીય પરિવર્તન પણ ભુકમ્પ અને કચ્છ ના કારણે માનનીય નરેન્દ્ર મોદી પહેલા ગુજરાત ને અને પછી ભારત ને મળ્યા.. ભુકમ્પ ગ્રસ્ત કચ્છ બેઠું થયું એટલું માત્ર નહીં ચોમેર વિકાસ વિકાસ ના માઈલસ્ટોન આવ્યા..

માનો છો ને કચ્છ ના વિકાસ નો મુળ આધાર આપણા નરેન્દ્ર મોદી જી જ ને !!

વાત આપણી કુદરત ના પ્રકોપ સામે કોઈ સંકેત હોય છે જેનો અહેસાસ થઈ રહ્યો છે..

કચ્છ માં નર્મદા નું પાણી આવ્યું..

કચ્છ માં ઉદ્યોગ આવ્યા..

કચ્છ માં રણ મહોત્સવ આવ્યો..

કચ્છ માં ધોળાવીરા ને આંતરરાષ્ટ્રીય લેવલ મળ્યું.

અમિતાભ ના મોઢે વારંવાર કચ્છ નું નામ સાંભળતા એક એક કચ્છી માંડું ને ગર્વ થવા લાગ્યો..

વિદેશી ટુરિસ્ટ ગૂગલ માં ગોતી ગોતી ને આવવા લાગ્યા..

નદી નાળા ના પાણી વહેતા અનુમપ સૌંદર્ય સર્જાયું ને તે વિદેશ ના પેપર માં આવ્યા થી અપણા ને ગમવા લાગ્યું..

ખારેક અને કચ્છ ની કેસર માં કચ્છ ભલ ભલા ના દાત ખાટા કરવા લાગ્યું..

આવ્યું ને કચ્છ માં પરિવર્તન હવે તો માન્યું ને...

એમ કચ્છ માં કમળ ખીલે એ પરિવર્તન નું સ્વરૂપ છે...

શાળા-કોલેજોમાં કોરોના વેક્સીનેશન કેમ્પનું આયોજન

રાજ્યના તમામ જિલ્લાઓની શાળા-કોલેજોમાં કોરોના રસીકરણના કેમ્પસનું આયોજન કરવામાં આવશે.

આવા કેમ્પના આયોજન દ્વારા શાળા-કોલેજોના ૧૮થી ઉપરની વયના વિદ્યાર્થીઓ, રસીકરણ માટે પાત્રતા ધરાવતા કર્મચારીઓ, શિક્ષકો અને તેમના પરિવારજનોને કોરોના વેક્સીનેશન અંતર્ગત આવરી લેવામાં આવશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના અધ્યક્ષસ્થાને નાયબ મુખ્યમંત્રી શ્રી નિતિનભાઈ ભાઈ પટેલ, ઊર્જા મંત્રીશ્રી સૌરભ ભાઈ પટેલ ,તેમજ મુખ્ય સચિવશ્રી અનિલ મૂકીમ અને વરિષ્ઠ સચિવોની મળેલી કોર કમિટિની બેઠકમાં આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ભારત સરકારે આગામી પાંચમી સપ્ટેમ્બર શિક્ષક દિન સુધીમાં બધા જ શિક્ષકોને કોરોના વેક્સીનના સુરક્ષા કવચ અન્વયે આવરી લેવા રાજ્યોને આપેલા દિશા નિર્દેશને પગલે ગુજરાતમાં પણ આ વ્યવસ્થા રાજ્ય સરકારે ઊભી કરવાનો નિર્ણય કર્યો છે.

આરોગ્ય વિભાગ અધિક મુખ્ય સચિવ શ્રી મનોજ અગ્રવાલે આ સંદર્ભમાં જણાવ્યું છે કે, શાળા-કોલેજોમાં કોરોના વેક્સીનેશન કેમ્પ માટે જિલ્લાઓને વેક્સીનનો વધારાનો જથ્થો પણ ફાળવવાની સૂચનાઓ કોર કમિટિમાં મુખ્યમંત્રીશ્રીએ આપી છે.

કાયમી ધોરણે વેક્સીન સેન્ટર
શ્રી ભુજ લોહાણા મહાજન તેમજ નાગરિક સરક્ષણ - ભુજ

ના સંયુક્ત ઉપક્રમે કોરોના વેક્સિન સેન્ટર કાયમી ધોરણે ચાલુ કરવામાં આવેલ છે

ભુજ શહેર ની જાહેર જનતા માટે આયોજન કરવામાં આવેલ છે બધીજ જ્ઞાતિ લાભ લઈ શકે છે

તેમાં દરરોજ વેક્સિન આપવામાં આવશે

આજરોજ કોવિશિલ્ડ રસી છે સમય - સવારે ૧૦ થી ૧

સ્થળ - નવી લોહાણા મહાજન વાડી, વી ડી હાઈસ્કુલ પાસે ભુજ-કચ્છ

આધાર કાર્ડ સાથે લઈ આવવું અથવા કોઈ પણ આઈડી પ્રૂફ

વધુ માહિતી માટે,
લોહાણા મહાજવડી કાર્યાલય નંબર ૯૦૩૩૦૨૩૬૬૪

આજની ચિંતનકણિકા
-: શિક્ષણની વ્યાપક સંકલ્પના :-

શિક્ષણ એક અદ્ભુત પ્રક્રિયા છે. જેવી પ્રક્રિયા તેવું પરિણામ. શિક્ષણના તત્ત્વને પામવું સરળ નથી. એનો સાક્ષાત્કાર કઠિન છે. એને સમજવા માટે અને એના સાચા અર્થને પામવા માટે ઊંડા પાણીમાં ઊતરવું પડે. કોઈ પણ ખૂણેથી જુઓ, એનું નિત નવું રૂપ દેખાય છે.

ક્યારેક કૌશલમાં શિક્ષણ દેખાય છે, ક્યારેક વાણી અને વ્યવહારમાં તો ક્યારેક અભિવ્યક્તિમાં. કોઈક વ્યક્તિ કોઈ એક વિષયમાં નિપુણ હોય તો કોઈ અનેક વિષયોનો જ્ઞાતા હોય. આજકાલના વિદ્યાર્થીઓને એમની માર્કશીટના આંકડામાં શિક્ષણ દેખાય છે તો કોઈક વ્યક્તિની લાંબી લાંબી ડિગ્રીઓમાં શિક્ષણ છલકે છે.

યુગેયુગે એની વ્યાખ્યા બદલાય છે. મનુષ્યના વ્યક્તિત્વનાં વિવિધ પાસાંઓનો અભ્યાસ પણ શિક્ષણ છે. સૃષ્ટિની રચના અને એનાં રહસ્યોને પામવાની મથામણ પણ શિક્ષણ છે.

એની સંકલ્પના એટલી વિશાળ છે કે જીવનનો પ્રત્યેક અનુભવ શિક્ષણ છે. સમગ્ર જીવન શિક્ષણની મોટી પાઠશાળા છે. એટલે એમ કહીએ તો ચાલે કે -

"શિક્ષણની સમગ્રતા અને સમગ્રતાનું શિક્ષણ"

એ કથનનો મર્મ સમજાય તો શિક્ષણ તત્ત્વનો સાક્ષાત્કાર થાય. માટે શિક્ષણના ક્ષેત્રમાં કાર્યરત દરેકે એનો અર્થ, એનો મર્મ સમજવા સાધના કરવી પડે.

મિશન અભિમન્યુ
શ્રી ઉમા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ
SUV International School.

અભિનંદન ... અભિનંદન...

આજરોજ આપણા સનાતન સમાજ સંસ્કૃતિ કેન્દ્ર નખત્રાણા ખાતે યોજાયેલ સમાજની સામાન્ય સભામાં ઉત્સાહ અને ઉમંગનો સંગમ જોવા મળ્યો...

શ્રી અબજી ભાઈ કાનાણી પુનઃ પ્રમુખ પદે નિયુક્ત થયા. તેઓની ટીમમાં સૌ કર્મઠ મિત્રો સાથે વર્તમાન યુવાસંઘ ટીમના સલાહકાર એવા ડો. અશોક ભાવાણી અને ઉપપ્રમુખ મોહન ધોળુની મંત્રી તરીકે તેમજ સલાહકાર ઝછ હરસુખ રામાણી અને ઉત્તર ભારત રીજીયન ચેરમેન કિશોર સાંખલાની કારોબારી સભ્ય તરીકે વરણી થયેલ છે. સૌને ખૂબ ખૂબ અભિનંદન...

ચૈતન્ય, સ્ફૂર્તિ અને ઉત્સાહથી તરબોળ અને જ્ઞાન, શીલ,એકતાથી સિંચિત યુવા મિત્રોના જોડાણથી કેન્દ્રીય સમાજની સેવાકીય પ્રવૃતિઓ વધુ બળવત્તર બનશે.

સમાજે ભુજ ખાતે ખરીદેલ નવીન જમીન માટે ભુમિદાન પણ ખોબલે ખોબલે આપ્યું છે.

પુનઃ નવી વરાયેલ ટીમના સૌ મિત્રોને ટીમ યુવાસંઘ વતી અભિનંદન સહ શુભેચ્છાઓ...

ડો. વસંત ધોળું - પ્રમુખ સેવક - કેન્દ્રીય યુવાસંઘ

જેવું ઘડતર...

લોખંડનો એક ટુકડો વેચો તો તેનો એક રૂપિયો ઉપજે. જો લોખંડના ટુકડામાંથી ઘોડાની નાળ બનાવીને વેંચો તો અઢી રૂપિયા ઉપજે. આજ લોખંડના ટુકડામાંથી જો તે ટુકડાની બધી સોય બનાવી નાખો તો ૬૦૦ રૂ. ઉપજે. થોડુંક વધુ.... નાળ કે સોયના બદલે ઘડિયાળની ઝીણી ઝીણી કમાન બનાવી નાખીએ તો ૫૦,૦૦૦ રૂ. ઉપજે. લોખંડનો ટુકડો તો એનો એ જ છે. પણ તેનું ઘડતર તમે કેવું કરો છો તેવું તેનું મૂલ્ય.

માનવ જીવન પણ કાંઈક આવું જ છે.

પ્રેમની કોઈ ઉંમર નથી હોતી



બધા જ જાણે છે કે પ્રેમમાં ઊંચ-નીચ, અમીરી-ગરીબી કે ઉંમર જેવું કંઈ હોતું નથી. પ્રેમ તો કોઈની પણ સાથે થઈ જાય છે. એટલે જ તો અમેરિકામાં રહેનાર ૨૪ વર્ષના કુરાન મેકકૈને પોતાની ૬૧ વર્ષની પ્રેમિકા ચેરિલ મેકગ્રેગોર સાથે તાજેતરમાં જ સગાઈ કરી લીધી. આ કપલની વચ્ચે ઉંમરનો તફાવત ૩૭ વર્ષનો છે, પણ તેમના રોમાન્સમાં તે જોવા મળતો નથી! આ કપલની લવસ્ટોરી ખૂબ જ રસપ્રદ છે. બંનેની મુલાકત સૌથી પહેલાં ત્યારે થઈ હતી જ્યારે કુરાન માત્ર ૧૫ વર્ષનો હતો. તેમની મુલાકાત ચેરિલના દીકરાની ફૂડ કોર્ટમાં થઈ હતી. ચેરિલ ૧૭ પૌત્ર-પૌત્રીઓની દાદી છે. ચેરિલ પોતાના દીકરા માટે જમવાનું પેક કરીને આપવા જતી હતી ત્યારે તેણે કુરાનને જોયો, પણ ત્યારે બંને વચ્ચે પ્રેમ કે રોમાન્સ શરૂ નહોતો થયો, પણ જ્યારે ચેરિલના એક ટિકટોક વીડિયોમાં કુરાને મદદ કરી તો તેના મનમાં ચેરિલ માટે ફીલિંગ્સ પેદા થઈ. ચેરિલે પોતાનો ડાન્સ કરતો વીડિયો શૅર કર્યો હતો, જેના પર લોકો ઘણી નેગેટિવ કોમેન્ટ કરી રહ્યા હતા. ત્યારબાદ કુરાને ચેરિલની ઘણી મદદ કરી. બંને એટલાં કમ્ફર્ટેબલ થઈ ગયાં કે સાથે વીડિયો બનાવવા લાગ્યાં. આ દરમિયાન કુરાને ચેરિલને રોમાન્સની હિન્ટ આપી અને ચેરિલે પણ હા કરી દીધી. બસ, બંને વચ્ચે પ્રેમ શરૂ થઈ ગયો. બહુ જલદી તેઓ લગ્ન પણ કરવાનાં છે. પોતાના રિલેશન વિશે ચેરિલે જણાવ્યું કે બંને વચ્ચે ખૂબ જ પ્રેમ છે અને તેમની સેક્સલાઈફ પણ ઍમેઝિંગ છે.

જાણો શા માટે ભગવાન શિવજીના માથા પર ચંદ્ર દેખાય છે ? પૌરાણિક કથા દ્વારા જાણો તેનું કારણ.....

શિવનું રૂપ સૌથી અલગ છે, તેઓ ભસ્મ ધારણ કરે છે, લાંબી જટા છે, તેમાં ગંગાજી નો વાસ છે. નાગ થી સજેલા છે શિવજી. ભગવાન શિવજીને દેવો ના દેવ મહાદેવ માનવામાં આવે છે. શિવજીની દરેક છબીઓ માં તેમની જટા પર અર્ધ ચંદ્રમાં જોવા મળે છે. ત્રિપુરારી શંકર એ પોતાના મસ્તક પર શા માટે ચંદ્ર ધારણ કરેલ છે? ચાલો જાણીએ મહાયોગી શિવજીના આ શૃંગાર પાછળનું રહસ્ય.





શિવ આ જગતના સૌથી મોટા યોગી, તપસ્વી અને તાંત્રિક છે. દરેક દેવી દેવતાઓ માં ભગવાન શિવ જ એકમાત્ર એવા છે જે કૈલાસ પર્વત પર પોતાના ધ્યાન માં બેસી રહે છે. ધ્યાન અને સાધના કરનારા લોકો માટે મન શાંત રહેવું ખુબજ જરૂરી છે. જ્યોતિષ વિજ્ઞાન અનુસાર મન ના કારક દેવતા ચંદ્ર દેવતા છે. તેથી શિવજી પોતાના મન ને સાધનામાં એકાગ્ર રાખવા માટે ચંદ્ર માં ને ધારણ કરે છે.

પૌરાણિક કથા અનુસાર દક્ષ પ્રજાપતિએ પોતાની ૨૭ કન્યાઓ ના લગ્ન ચન્દ્ર સાથે કર્યા, ચંદ્ર ને ફક્ત રોહિણીના સોંદર્ય સાથે જ પ્રેમ હતો. બાકી ની દરેક પુત્રીઓએ આ વાત જયારે દક્ષ ને જણાવી ત્યારે દક્ષએ ચંદ્ર ને ક્ષય થવાનો શ્રાપ આપ્યો હતો. ચંદ્ર નું શરીર દિવસે ને દિવસે ક્ષીણ થવા લાગ્યું. અને તેણે પોતાની રક્ષા માટે શિવ ની ઘોર તપસ્યા કરી. શિવજી એ ચંદ્ર માં ને દર્શન આપ્યા અને પ્રસન્ન થઈને ચંદ્રમાં ને અમરત્વ નું વરદાન આપ્યું. અને તેને પોતાના મસ્તક પર સ્થાન આપ્યું. દક્ષની દરેક કન્યાઓ નક્ષત્ર બની ગઈ અને ચંદ્ર દરરોજ એક એક પાસે જવા લાગ્યા.

પૌરાણિક કથા અનુસાર સોમવારના દિવસે ચંદ્રએ ભગવાન શિવની પૂજા કરી હતી. જેના પરિણામે તંદુરસ્ત થયા પછી ચંદ્રને તેની સુંદરતા ફરી મળી હતી. ત્યારબાદ ભગવાન શિવે બીજના દિવસે ચંદ્ર તેના મસ્તક પર ધારણ કર્યો હતો. પરંતુ આજે પણ ચંદ્રની કળા ઘટવા-વધવાનું કારણ મહારાજ દક્ષનો શ્રાપ જ માનવામાં આવે છે.

શિવજીના શીશ પર ચંદ્ર ને ધારણ કરવા પાછળ એક બીજું પણ રહસ્ય છે. જે દેવતાઓ અને અસુરો વચ્ચે સમુદ્ર મંથન ની કથા ના માધ્યમ થી આવે છે. આ સાગર મંથન માં જયારે હલાહલ ઝેર નીકળ્યું તો તેને મહાદેવે પોતાના કંઠમાં ધારણ કરી લીધું. શિવજી નું શરીર વિશ ના પ્રભાવથી અત્યધિક ગરમ થવા લાગ્યું. શિવજીના શરીર ને શીતળતા મળે એ કારણથી તેને ચંદ્ર ને ધારણ કરેલ.

સોમવાર નો દિવસ ભગવાન શિવ ની પૂજા, આરાધના માટે વિશેષ કેમ માનવામાં આવે છે?

પૌરાણિક કથા અનુસાર સોમવારના દિવસે ચંદ્રએ ભગવાન શિવની પૂજા કરી હતી. જેના પરિણામે તંદુરસ્ત થયા પછી ચંદ્રને તેની સુંદરતા ફરી મળી હતી. ત્યારબાદ ભગવાન શિવે બીજના દિવસે ચંદ્ર તેના મસ્તક પર ધારણ કર્યો હતો . ત્યારથી પ્રાચીન સમયથી લઈને આજ સુધી સોમવારે ભગવાન શિવની પૂજા કરવામાં આવે છે. આ દિવસે ચંદ્ર દેવની પૂજા કરવાથી તમારી બધી મનોકામનાઓ પૂર્ણ થાય છે. જ્યોતિષ શાસ્ત્રમાં ચંદ્રને મનનો સ્વામી માનવામાં આવે છે.

શ્રાવણ ની શિવ સ્તુતિ..
સામાજિક અને આધ્યાત્મિક મિશન.

સનાતન ધર્મ પત્રિકા

DMG ઝોન નાં પ્રમુખ
શ્રી પુરસોત્તમ ભાઈ રૂડાણી (રાજાપુર)
ઝોન મહામંત્રી શ્રી કાંતિલાલ ભાઈ ઠાકરાણી

સનાતન ધર્મ પત્રિકા

D M G ઝોન ના (પ્રમુખ શ્રી કોલ્હાપુર) ની
પ્રમુખ ટ્રસ્ટી તરીકે શ્રી જેઠાભાઇ કેસરા પોકાર,
સંસ્થાપક પ્રમુખ DMG ની ટ્રસ્ટી તરીકે અને
ડાહ્યાભાઈ ગોરાણી (કોલ્હાપુર)

www.jeevansparsh.com
• Corporate Club Member - LIC OF INDIA
• TOT, COT & MDRT (USA) Qualifier Member Since 2002
• Life Member of MDRT (USA)
• "Area Chair for Central INDIA" of MDRT MCC Committee
BRIJESH PATEL
INSURANCE & INVESTMENT CONSULTANT
Insurance Planning · Wealth Management · Prudent Advice · Technology Enabled
All above, with best in class servicing
LIC · MDRT
JEEVAN SPARSH

ભાવભીની શ્રદ્ધાંજલિ - સનાતન ધર્મ પત્રિકા.

તારીખ : ૨૫/૮/૨૧ બુધવાર

સ્વ. નારણભાઈ દેવશીભાઈ નાકરાણી
ઉંમર : ૮૬ વષ, કચ્છમાં ગામ : વિથોણ,
હાલે : શહાડ (કલ્યાણ), અવસાન : અવસ્થા ના કારણે

તારીખ : ૨૬/૮/૨૦૨૧ ગુરૂવાર

સ્વ. મંજુલાબેન માવજી પોકાર (મુખી)
ઉંમર : ૮૬ વર્ષ, કચ્છમાં ગામ : કાદિયા, હાલે : દિલ્લી
અવસાન કારણ : કુદરતી, નૈસર્ગિક

પરમ કૃપાળુ પરમાત્મા સદગત ના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.
શ્રીસમાજ, સનાતન ધર્મ પત્રિકા ની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ....
ૐ શાંતિ શાંતિ શાંતિ